ક્રમાંકઃરાપબો/પ્રા.મા.શિ./૨૦૧૯/૫૦૭૩-૫૧૫૨

રાજય પરીક્ષા બોર્ડ,ગુ.રા,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧,ગાંધીનગર
તા.૨૩/૦૮/૨૦૧૯

# નોટીસ

વિષય - પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના આવેદનપત્રો ભરાવવા માટેનો સમયગાળો લંબાવવા બાબત.

સંદર્ભ - રાજય પરીક્ષા બોર્ડના તા.૨૨/૭/૨૦૧૮ના જાહેરનામા ક્રમાંકઃરાપબો/પ્રા-મા.શિ.પ./૨૦૧૯/૩૯૧૬-૩૯૯૭

ઉપરોકત વિષયમાં જણાવવામાં આવે છે કે, સંદર્ભના જાહેરનામાથી પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૧૯ માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટેના આવેદનપત્રો www.Sebexam.org વેબસાઇટ પર તા:૦૮/૦૮/૨૦૧૯ થી તા:૨૬/૦૮/૨૦૧૯ દરમિયાન ઓનલાઇન ભરવાના ચાલુ છે. જેમાં નીચે મુજબની વિગતે આવેદનપત્રો ભરાવવાનો સમયગાળો લંબાવવામાં આવે છે.

હવે આ આવેદનપત્રો તા.૩૦/૦૮/૨૦૧૯ સુધી ભરી શકાશે.આ પરીક્ષા અંગેની અન્ય વિગતો ઉકત સંદર્ભ અનુસાર જાહેરનામા મુજબ યથાવત રહેશે.

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૨૨/૦૭/૨૦૧૯ |
| ૨ | www.sebexam.orgવેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | તા.૦૮/૦૮/૨૦૧૯ થીતા.૩૦/૦૮/૨૦૧૯ |
| ૩ | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે અથવા ઓનલાઈન ભરવાનો સમયગાળો | તા.૦૮/૦૮/૨૦૧૯ થી તા.૩૧/૦૮/૨૦૧૯ |
| ૪ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના પ્રાથમિક શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૩/૦૯/૨૦૧૯ |
| | (૨) માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | |

| | | |
|---|---|---|
| ૫ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ<br>(૨)માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની અંતિમ તારીખ | ૧૦/૦૯/૨૦૧૯ |
| ૬ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના DPEO કચેરી દ્વારા તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ<br>(૨)માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના શાળામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી DEO કચેરી દ્વારા રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૬/૯/૨૦૧૯ |
| ૭ | પરીક્ષા તારીખ | ૨૦/૧૦/૨૦૧૯ |

સ્થળ: ગાંધીનગર

તારીખ:૨૩/૦૮/૨૦૧૯

સચિવ

રાજય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

❖ <u>નકલ રવાના અમલાર્થે</u>

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામપ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.

(૨) શાસનાધિકારીશ્રી, તમામ (આપના તાબાહેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.)

(૩ )જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

(૪) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

(૫) ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

❖ <u>નકલ સાદર રવાના જાણસારૂ.</u>

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીની કચેરી, ગાંધીનગર

(૩ ) નિયામકશ્રી,પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.